॥ सा विद्या या विमुक्तये ॥

# શારદ

વર્ષ ૭ નવેમ્બર–ડિસેમ્બર–૧૯૮૬ અંક ૪

## વાલીઓને,

### મૌખિક ગણિત

ઘણી બાબતો જુની થાય છે અને બદલાતી જાય છે આ એક સ્વભાવિક પ્રક્રિયા છે. 'અમારા જમાનામાં આટલી ગણતરી મોઢે કરી નાખતાં' એવું કહેતાં આજે પણ ઘણાને આપણે સાંભળીએ છીએ. મણ શેર અને રૂપિઆ આના પાઇ ચાલ્યાં જતાં કેટલીક જુની ફોર્મ્યુલા હવે નિરર્થક બની છે, અને એનો બહુ અફસોસ કરવા જેવું નથી. આમ છતાં આજે કેલ્કયુલેટર સહેલાઇથી ઉપલબ્ધ હોવા છતાં ભૌતિક શાસ્ત્રની પ્રયોગશાળામાં તો આજે પણ હાયર સેકન્ડરીના અભ્યાસક્રમમાં લોગટેબલ જ વાપરવા પડે છે. કેટલાંક ક્ષેત્રોમાં ફેરફાર લાવતાં ઘણી વાર થતી લાગે છે અને સરકારી તંત્ર સાથે સંકળાએલી બાબતોને ખસતાં તો ઘણો શ્રમ પડે છે.

વિદ્યાર્થીઓનો સમય બહુ ન બગડે એવી શક્તિઓ આવી યાંત્રિક બાબતમાં નાખવા કરતાં તાર્કિક ક્ષેત્રે વપરાય તેને આવશ્યક લેખવી જોઈએ

આમ છતાં કેલ્કયુલેટરની ગુલામી પણ કેટલી કરવી તે પણ સ્પષ્ટ હોવું જોઇએ. કેલ્કયુલેટરનો વ્યવહારમાં સારો એવો વપરાશ થવા લાગ્યો છે. પરિણામે ગણતરી કેલ્કયુલેટર સિવાય થઈ જ ન શકે એવી અશક્તિ આવવા લાગી છે. ૧૨૦ ડોલરની કિંમતની વસ્તુને ૨૫% ઓછા લઇને ૯૦ ડોલરમાં અપાય તે આપણે જે સાહજિક રીતે કહી શકીએ તેવું સિંગાપુરનો વેપાર નથી કહી શકતો એવો અનુભવ મેં કર્યો છે.

સામાન્ય વ્યવહારમાં ગણિત ખૂબ મહત્વનો ભાગ ભજવે છે અને તેથી ગમે તેટલા આગળ વધેલા દેશને પણ મૌખિક ગણિતની અવગણના કરવી પોસાય એમ નથી તે સમજાવા લાગ્યું છે.

અમે માનીએ છીએ સાતમાં ધોરણ સુધી અભ્યાસ કરેલ વ્યક્તિને એકની સંખ્યામાં બીજી કોઈ એકમ સંખ્યા ઉમેરીએ કે એકમની સંખ્યાને બીજી એકમની સંખ્યા વડે ગુણીએ તો શું થાય તે સાહજિક રીતે આવડવું જોઇએ. આ હેતુ લક્ષમાં રાખી ગણિતની પરીક્ષામાં ભૌતિકને પણ મહત્વ આપવાનું આ કારણે જ વિચાર્યું છે. મને લાગે છે કે ગણિતને વધુ તાર્કિક કરવામાં પણ આવી સરળતા રહે છે. વાલીઓને અમારો આ અભિગમ રૂચશે એવી મને શ્રદ્ધા છે.

દિનુભાઇના વંદન

## 'ચાલો ભેરુ ભમવાને'

ચાલો ચાલોને ભેરુ સહુ ભમવાને,<br>
ભમવાને મોજ કરવાને ચાલોને ભેરુ.

ઊંચેરા પહાડોના ખડકો પર કૂદશું<br>
ઝરણાનાં પાણીમાં પાની ઝબોળશું,<br>
વનની સૌ કેડીઓ ભમવાને....ચાલો ભેરુ

વનવગડે ઘુમીને વૃક્ષોને ભેટશું,<br>
રંગીન પતંગિયાની પાંખોમાં ડૂબશું,<br>
પંખીની સાથ ગીત ગુંજવાને....ચાલો ભેરુ

વનની અજાણી ભોમ, કાંટાળી કંદરા,<br>
હિંસક જીવજંતુથી ખદબદતી આ ધરા,<br>
આફત પડે તો યે ખમવાને....ચાલો ભેરુ

સાકેત દવે ૬ બ

# બાલમંદિર


તા. ૨૪-૧૦-૮૬ ને શુક્રવારનાં રોજ ટાગોર હોલમાં બાલમંદિરના બાળકોએ ગરબાનો સુંદર કાર્યક્રમ રજૂ કર્યો. આ કાર્યક્રમમાં લગભગ ૧૩૭ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો. બધી જ વિદ્યાર્થીનીઓને ભાગ લેવાની તક સાંપડી. જ્યારે ગરબા માટે પસંદગીનું સ્થાન રાખવામાં ન આવે ત્યારે વિદ્યાર્થીઓને તાલીમ આપવા માટે સારી એવી જહેમત ઉઠાવવી પડે છે, આ વખતે પણ એમ જ બન્યું. અથાગ મહેનત અને પરિશ્રમને અંતે સાત ગરબા તૈયાર કરવામાં આવ્યા. ટાગોર હોલમાં યોજેલ આ પ્રયોગ ને સંપૂર્ણ સફળતા મળી તેમ કહ્યા સિવાય રહી શકાતું નથી.

ગરબાની આ તાલીમ દરમ્યાન અમને પણ ઘણાં અનુભવ થયા, એમાંનો એક અનુભવ નોંધતા આનંદ થાય છે. એક બાળક ગરબામાં આગળ ફરે જ નહિ, એ બાળકને એવી લઘુતાગ્રંથિ બંધાઇ ગયેલી કે મને તો આવડશે જ નહિ. અમે તેને ક્રિયાશીલ બનાવવા પ્રયત્ન કરતા ત્યારે તેને એમ લાગતું કે તેને શિક્ષા કરીએ છીએ, આમ છતાં અમે પ્રયત્ન ચાલુ રાખ્યો. છેવટે એ બાળકે સ્ટેજ પર બધાની સાથે આવીને ગરબો કર્યો અને સૌના મન જીતી લીધા.

શ્રી પુનિતાબેન અનિલભાઈ મહેતા અને જ્યોતિષભાઇ ડાંડવાલાએ આ કાર્યક્રમ દરમ્યાન પોતાનો સમય આપી સંગીતમાં સાથ આપ્યો તે બદલ અમે તેમના અત્યંત આભારી છીએ.

**તા. ૨૫-૧૨-૮૬ ને ગુરૂવારથી તા. ૧-૧-૮૭ને ગુરૂવાર સુધી શાળામાં નાતાલની રજા રહેશે.**

**જ્યોત્સનાબેન શોધન**




# શિશુમંદિર

તા. ૨૪-૧૦-૮૬ ને શુક્રવારે શિશુમંદિરના વિદ્યાર્થી ભાઇબહેનોએ ટાગોરહોલમાં ખૂબ જ રસપ્રદ કાર્યક્રમ રજૂ કર્યો. જેમાં 'ઉત્સવનાં વધામણા' તથા ગરબાની રજૂઆત થઈ. 'ઉત્સવનાં વધામણા' માં શિશુમંદિરનાં બાળકોએ ઉત્તરાયણ, રક્ષાબંધન, હોળી, જન્માષ્ટમી, દિવાળી, નવરાત્રી, ગોરો વિ ઉત્સવોને ભાવવાહી રીતે તાલ અને સંગીત સાથે રજૂ કર્યા. રક્ષાબંધનમાં રજૂ થયેલ ભાઇબહેનના પ્રેમનો અભિનય અવિસ્મરણીય બની રહ્યો આ સાથે આંતગૃંહ ગરબા સ્પર્ધાની પણ રજૂઆત થઇ જેમાં પ્રથમ રત્નદીપ (આસોપાલવના હેઠે છોગાળો) દ્વીતીય ધવલગિરિ (છબીલો રે છોગાળો) વિજેતા નિવડ્યાં, તે માટે સૌ બહેનોને અભિનંદન. ગરબાની પસંદગીથી માડી ગરબાની ગુંથણી સુધીની તમામ જવાબદારી ગૃહનાં નેતાઓ જ સંભાળે છે, જે વિદ્યાર્થીના ઘડતરનાં એક ભાગરૂપે છે. ગરબામાં ભાડાનો ડ્રેસ ન વાપરવાનો અમારો આગ્રહ બહેનોએ સહર્ષ સ્વીકારી લીધો અને પોતનાં ઘરનાં ડ્રેસમાં ગરબા રજુ કરી કાર્યક્રમને રૂચિકર બનાવ્યો. ગરબા સ્પર્ધાનાં નિર્ણાયક તરીકે સંસ્થાના વાલી શ્રીમતી સુનંદાબેન શાહ, ભૂતપૂર્વ વિદ્યાર્થીની પ્રિયા ભટ્ટ તથા હિમાલી ત્રિવેદીએ જે સેવા આપી તે માટે અમે તેમનાં આભારી છીએ. શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થીની ચિ. બહેન દિપાલી વસાએ આખા કાર્યક્રમનું સુંદર સંકલન કરી. સુંદર રજુઆત કરી તે માટે આભારની લાગણી વ્યક્ત કરૂં છું. શ્રી પ્રીતીબેન મહેતાએ પણ આ કાર્યક્રમ પાછળ ઘણી જહેમત ઉઠાવી તે માટે તેમનો આભાર માનું છું, આ સાથે આ કાર્યક્રમમાં સહકાર્યકર મિત્રોએ જે સાથ અને સહકાર આપ્યાં છે તે માટે તે સૌનો આભાર માનું છું. આ કાર્યક્રમમાંથી હોળી અને જન્માષ્ટમી ઉત્સવો આકાશવાણી પરથી પણ બાલદિન નિમિત્તે પ્રસારિત થયાં.

તા. ૨૫-૧૧-૮૬નાં રોજ નહેરૂ ફાઉન્ડેશન ફોર ડેવેલપમેન્ટની એક પ્રવૃત્તિ સ્વરૂપે 'ચેતના' સંસ્થા દ્વારા ધોરણ ૬ ના વિદ્યાર્થીઓને અંધજન પ્રત્યે વર્તન અને અંધાપાને દૂર રાખવા માટે જાગૃતિ કેળવવા માટે એક પપેટ શો તથા તેને અનુરૂપ રમતો યોજી બાળકોમાં તે અંગેની સમજ કેળવવા માટેનો એક પ્રયોગ યોજાયો.

૨૮-૧૧-૮૬ નાં રોજ ધોરણ ૧ થી ૪ના બાળકો માટે સુલેખન હરીફાઇ યોજવામાં આવી.

તા. ૧૮,૧૯ ઓકટોમ્બરનાં રોજ ઉપરીયાળાજી અને વિરમગામનો પ્રવાસ યોજાયો જેમાં ઉપરીયાળાજીમાં સુંદર વ્યવસ્થા માટે શેઠ શ્રી અજીતભાઇ ભુરાભાઈ અને વિરમગામમાં મુનસર તળાવની મુલાકાત ગોઠવવા બદલ શ્રી ઇલેષભાઈ મનુભાઈ દોશી (રોનક માારબલ્સ)નો સંસ્થા તરફથી આભાર માનું છું.

**જયશ્રીબેન દવે**

# વિનયમંદિર

સંસ્થામાં ચાલતી ઈન્ટરેકટ કલબનાં નવા વર્ષના હોદ્દેદારોની પદગ્રહણ વિધિનો કાર્યક્રમ તા. ૧૭-૯-૮૬ નાં રોજ રોટરી કલબ ઓફ અમદાવાદ સાઉથનાં પાસ્ટ પ્રેસીડન્ટ શ્રી ચંદ્રકાંતભાઇ શાહનાં અધ્યક્ષસ્થાને યોજાયો જેમાં શ્રી ચંદ્રકાંતભાઇએ નવા હોદ્દેદારોની શપથવિધિ કરાવી. આ પ્રસંગે ઇન્ટરેકટ કમિટિનાં ચેરમેન શ્રી ભદ્રકભાઈ શેઠે પણ વિદ્યાર્થીઓને સંબોધન કર્યું

તા. ૧૫-૧૦-૮૬ નાં રોજ આંતરગૃહ વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી જેમાં

પ્રથમ : કિંચિત ધીરેનભાઈ ઝાલા [ચંદ્રમૌલિ]<br>
દ્વિતિય : રોનક નરેન્દ્રભાઇ શાહ [ગીતગોવિંદ]<br>
વિજેતા બન્યા તે માટે તેમને અભિનંદન

તા. ૧૮-૧૦-૮૬ ને શનિવારનાં રોજ ઇન્ટરેકટ કલબનાં ઉપક્રમે હાસ્યલેખક શ્રી વિનોદભાઇ ભટ્ટ નું પ્રવચન ધો. ૮ અને ૯ નાં વિદ્યાર્થીઓ સમક્ષ યોજવામાં આવ્યું જેમાં શ્રી વિનોદભાઇએ હળવી શૈલીમાં તેમનાં શાળા જીવનનાં સંસ્મરણો રજૂ કર્યા.

**દિવાન બલ્લુભાઇ કપ ટુર્નામેન્ટ (૧૯ વર્ષની નીચેના માટે)**

આપણી શાળાની ક્રિકેટ ટીમનો ફાઇનલ મેચમાં જી. એલ. એસ. હાઇસ્કૂલની ટીમ સામે વિજય થયો. ચિ. ગુંજન ત્રિવેદીએ આપણી શાળાની ટીમનું નેતૃત્વ સંભાળ્યું હતું. ચિ. ભાઇ ગુંજન અને ટીમના સર્વે સભ્યો ને અભિનંદન

જી. એલ એસ. ૩૮૦ રન<br>
શારદામંદિર ૩૯૮ રન

(અલય નાયક ૧૩૬, તેજસ શાહ ૮૬ ગુંજન ત્રિવેદી ૭૫)

તા ૨૬-૧૧-૮૬ ને બુધવારનાં રોજ ઇન્ટરેકટનાં ઉપક્રમે Quiz નો કાર્યક્રમ યોજાયો. જેમાં મુ. શ્રી દિનુભાઈ એ વિદ્યાર્થીઓની બે ટુકડીને પ્રશ્નો પૂછયાં. બહેનોની ટુકડીએ ૪૦, અને ભાઇઓની ટુકડીએ ૨૦ ગુણ પ્રાપ્ત કર્યા વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ઘણાં રસથી અને ઉત્સાહથી ભાગ લીધો

વિનયમંદિરની બહેનોએ તા. ૨-૧૦-૮૬નાં રોજ અખિલ હિંદ મહિલા પરિષદ ગરબા સ્પર્ધા તથા તા. ૪-૧૦ ૮૬ નાં રોજ શ્રી મિલન ગરબા સ્પર્ધામાં ભાગ લીધો ને ઘણી સારી રજૂઆત કરી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થીની ચિ. બહેન દિપાલી વસાએ ઘણી જહેમત ઉઠાવી હતી.

આ કાર્યક્રમનું ટી. વી. ઉપર તા. ૧૦-૧૦-૮૬નાં રોજ રેકોર્ડીંગ કરવામાં આવ્યું.

દેવેન્દ્રભાઇ ઠાકર

# ' આટલું વિચારીશું ?'

ગરબાની પ્રેકટીસમાં સૌ કોઈ મગ્ન હતાં ત્યાંજ શ્વેતાનાં પગ એકાએક થંભી ગયા. 'અરે' કહેતા કને તેણે બૂમ પાડી, 'શું થયું?' 'મારી ચેઇન નથી' રડમસ ચહેરે શ્વેતાએ જવાબ આપ્યોને હાંફળી હાંફળી થઈ ચારેય બાજુ શોધવા લાગી. બેનપણીઓ પૂછવા લાગી. 'તને યાદ છે? તું આવી ત્યારે હતી?' 'રસ્તામાં તો નથી પડી ગઇ ને?' 'ગરબા કરવા માંડયા ત્યારે હતી?' 'પાણી પીવા ગઇ ત્યારે તો નથી પડી ગઇને?' સૌ કોઈ જાતજાતની અટકળ કરવા લાગ્યા. બધે જ તપાસ કરી, શકય લાગે તેવી એક પણ જગ્યા તપાસ કર્યા વગરની ન રાખી પણ ચેઈન ન જ જડી, આજનાં મોંઘવારીના દિવસોમાં દોઢ તોલાની ચેઇન એટલે સહેજે ચારથી પાંચ હજારની કિંમત થાય.

પણ મને એજ પ્રશ્ન થાય છે કે વિદ્યાર્થીનીઓ શાળાએ આવતાં શા માટે દાગીનાનો આગ્રહ રાખતી હશે? વિદ્યાર્થીનીઓના, દાગીનાથીપ્ર તિષ્ઠા અને મોભો સચવાય તેવા પ્રતિભાવો પણ સાંભળવા મળ્યાં, છતાં આવો પ્રસંગ બનેત્યારે એ માન કે પ્રતિષ્ઠાનું કેટલું મોટું મૂલ્ય ચૂકવવાનો પ્રશ્ન સામે આવીને ઊભો રહે છે! શાળાનાં પ્રગતિપત્રક પાછળનાં નિયમોમાં પણ કિંમતી વસ્તુઓ સાથે સ્કુલમાં નહીં આવવા માટે ધ્યાન દોરવામાં આવ્યું છે, જેની નીચે વાલીની સહી પણ થાય છે છતાં વાલી આને માટે કેવી રીતે રજા આપે છે?

શાળામાં રોજેરોજ મિલ્ટનની કિંમતી વોટરબેગો, સ્ટીલનાં ડબ્બા, દાગીના ઘડીયાળ વિ. ખોવાવાનાં પ્રસંગો ઊભા થતાં જાય છે ત્યારે તેનાં ઉકેલરૂપે મને એક જ વાત શકય લાગે છે, અને તે એ કે અમે જેમ વિદ્યાર્થીઓને આ બધી વસ્તુનો આગ્રહ નહીં રાખવા સમજાવીએ છીએ તે સાથે વાલીવર્ગ પણ એવો જ આગ્રહ સેવે તોઆ મુશ્કેલીને ઘણે અંશે ઓછી કરી શકાય, કારણ આવા પ્રસંગોમાં વસ્તુ ચોરાવા કરતાં વસ્તુ ભૂલી જવાને કારણે આઘીપાછી થઇ હોવાની વધુ શકયતા રહેલી હોય છે.

ઊર્મિલા શાહ



# શરદપૂનમની રાતે

એવી આવે છે શરદપૂનમની રાત રે, રાત રે
હાલો ભેરુ રમવા આભલાના ખોળલે [૨]
એવી ફુલોની મીઠી સુગંધ રે [૨]
હે........ખેલીશું નૃત્યગાન આકાશી આંગણે
જોવા મથે મારી આંખો એની પાંપણે
એવા અનોખા રૂપને નિહાળવા નિહાળવા
હાલો ભેરુ રમવા....
હે........ટમટમતા તારલાની જ્યોત દીપી ઉઠે
દૂધ કેરા ચાંદલિયાના રૂપાળા રૂપે
એવી અજવાળી રૂપાળી રાત રે રાત રે
હાલો ભેરુ રમવા....
હે........હીંચકા હીંચે એના રૂપમાં કો છોરો
સૂરીલા સૂરમાં ગાતી કો છોરી
એમાં મસ્ત બનીને સૌ રાચવા રાચવા
હાલો ભેરુ રમવા....

જાનકી શાહ ૭ બ

# સંકલન

એક કલાકારને દુનિયાની સુંદરમાં સુંદર વસ્તુનું ચિત્ર ચિતરવાનું ઘેલુ લાગ્યું. દુનીયાની સુંદરમાં સુંદર વસ્તુ કઇ ? ધર્મગુરૂને તેણે પૂછ્યું, "શ્રદ્ધા" ધર્મગુરૂએ જવાબ આપ્યો.

'નમું તને પથ્થરને ? નહીં, નહીં,
શ્રદ્ધાતણા આસનને નમું નમું'

'સુંદરમ્'

# ચેતન જીવન

પારકા અજવાળા લઇને આગળ ધપવાની મહેચ્છામાં રઝળનારા માનવને કોણ સમજાવે કે આપણે જાતે જ દીવો બનવાનું છે. શ્રમ વિના દીપક પ્રગટે જ કયાંથી ? ને પ્રગટયો લાગે તો ટકે કયાંથી ? 'પારકી આશ સદા નિરાશ' એ માટે તો જોઇએ આત્માના ઊંડાણમાંથી પ્રગટેલો શ્રમ.

સંકલન : દેવાંગ પટેલ

# સારા અક્ષર

ભણતરમાં અક્ષર સારા લખવાની જરૂર નથી એવો ખોટો ખ્યાલ મારામાં કયાંથી આવ્યો એ હું જાણતો નથી.

દક્ષિણ આફ્રિકામાં, જયાં વકીલોના અને દક્ષિણ આફ્રિકામાં જન્મેલા ને ભણેલા નવયુવકોના મોતીના દાણા જેવા અક્ષરો જોયા ત્યારે, હું લજવાયો ને પસ્તાયો.

નઠારા અક્ષર એ અધૂરી કેળવણીની નિશાની ગણવી જોઇએ. મેં મારા અક્ષર પાછળથી સુધારવા પ્રયત્ન કર્યો, પણ પાકે ઘડે કંઇ કાંઠા ચડે ?

જેની મેં અવગણના કરી તે હું આજ લગી નથી જ કરી શકયો. દરેક નવયુવક અને યુવતી મારા દાખલાથી ચેતે ને સમજે કે સારા અક્ષર એ વિદ્યાનું આવશ્યક અંગ છે.

ગાંધીજી

# મેહુલિયાને

તારે મેહુલિયા કરવા તોફાન
અમારા લોકના જાએ જાન,
પડયો તું વરસે મુશળધાર,
કેમ કરી મારે જાવું નિશાળ
ચંપલ મારી છબ છબ થાય,
ધોયેલા કપડાં બગડી જાય
દોડે મોટરની હારંહાર,
ખસવું પડે મારે વારંવાર
કેળાંની છાલ આવે લપસી જવાય,
ત્યારે તો ભાઈ મને કાંઇ કાંઈ થાય
અવળા ને સવળા વાયરા વાય,
ઉઘાડી છત્રીનો કાગડો થાય
કોઈ વાર તું બધું ડૂબાડી જાય,
કોઈ વાર તું બધું બાળીને જાય
કયારે રીજે ને તું કયારે રીસાય,
મારા તે મનમાં ના એ કળાય

મનન વકીલ ૯ બ

તંત્રી, મુદ્રક, પ્રકાશક : દિનુભાઈ દ. દવે આચાર્ય અને નિયામક શારદામંદિર રોડ, અમદાવાદ–૩૮૦૦૦૭.
મુદ્રક સ્થળ : વિકાસ મુદ્રણાલય, વિકાસગૃહ, અમદાવાદ–૭. ફોન : ૪૧૨૭૮૮